હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

મેમ... આ બધું ગુગલમાં છે... કાંઈક નવું ભણાવો ને...!!!???

સરીતા ઉદ્યાન પાસે રાત્રિના કાર અકસ્માતમાં ૪૫ વર્ષીય વેપારીનુ સ્થળ પર કરૂણ મોત

પુરઝડપે દોડતી ઇનોવા કારના ચાલકે ટક્કર મારતા અકસ્માત સર્જાયો : સે-૬ ના વિર ભગતસિંહ નગરમાં રહેતા કલ્પેશભાઇના મૃત્યુથી પરિવારજનો આઘાત સાથે શોકમગ્ન





ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં માર્ગ અકસ્માતોની સંખ્યા વધી રહી છે. ખુલ્લા અને પહોળા માર્ગ પર બેફામ જતા વાહનચાલકો ગમે ત્યારે અકસ્માત નોતરે છે. જયારે ગતિ નિયંત્રણના અભાવે માર્ગ અકસ્માતનુ જોખમ પણ વધી રહ્યુ છે. સરિતા ઉદ્યાન પાસે ઈનોવા કારના ચાલકે પોતાની કાર પુરઝડપે હંકારી અન્ય એક કારને ટક્કર મારતા નગરના એક વેપારીનુ ઘટના સ્થળે કરુણ મોત નિપજયુ હતુ. આ મામલે સે-૭ પોલીસે ગુન્હો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરમાં પૈડા પરની જિન્દગી જોખમી બનતી જાય છે. વાહનચાલકો ગતિનિયંત્રણનો અમલ કરતા ન હોવાના લીધે પણ માર્ગ સલામતી જોખમાય છે. સરિતા ઉદ્યાન પાસે પણ ગઈકાલે રાત્રિના સમયે અકસ્માત થયો હતો જેમાં એક વ્યકિતનુ મોત નિપજયુ હતુ. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર શહેરના સે-૬ માં સ્થિત વિર ભગતસિંહ નગરમાં બ્લોક નં સી -૫ મકાન નં -૪૦૩ માં રહેતા કલ્પેશભાઈ ઈશ્વરભાઈ મિસ્ત્રીના પરિવારમાં પત્ની જિજ્ઞાશાબેન , દિકરો મંથન , ૧૧ વર્ષીય દિવ્ય તેમ બે પુત્ર છે. કલ્પેશભાઈના પત્ની જિજ્ઞાશાબેન કર્મયોગી

ભવનના બ્લોક નં-૨૨ માં ડેપ્યુટી એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવે છે. જયારે કલ્પેશભાઈ ફર્નિચરનો ધંધો કરતા હતા. જયારે ગઈકાલે સાંજના સમયે કલ્પેશભાઈ તેમની કાર લઈને નિકળ્યા હતા ત્યારે રાત્રિના સમયે સરીતા ઉદ્યાન પાસે ઈનોવા કાર નંજીજે-૧ ડબલ્યુ બી ૫૨૯૭ ના ચાલકે પોતાની કાર પુરઝડપે ચલાવીને કલ્પેશભાઈની કારને ટક્કર મારી હતી આ અકસ્માતમાં ૪૫ વર્ષીય કલ્પેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થતા તેમનુ કરુણ મોત નિપજયુ હતુ. જયારે આ દરમિયાન જ રાત્રિના સમયે જિજ્ઞાશાબેને કલ્પેશભાઈનો ફોન પર સંપર્ક કર્યો હતો પરંતુ તેમનો ફોન કોઈ અજાણ્યા વ્યક્તિએ ફોન ઉપાડયો હતો તેમણે કલ્પેશભાઈની કારને સરિતા ઉદ્યાન નજીક અકસ્માત થયો હોવાની જાણ તેમને કરી હતી. પતિની કારના અકસ્માતની ખબર પડતા જ જિજ્ઞાશાબેન સ્થળ પર પહોંચી ગયા હતા. જયારે અકસ્માતના બનાવથી સ્થળ પર લોકોનુ ટોળુ એકત્રિત થઈ ગયુ હતુ જયારે બનાવના પગલે પોલીસ પણ ઘટના સ્થળે પહોચી હતી. કલ્પેશભાઈના કરુણ મોતની ખબરથી પરિવાર પર આભ તુટી પડયુ હતુ. બનાવ સંદર્ભે સે- ૭ પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં પીવાના પાણીના પુરવઠાનો પ્રશ્ન મહદ્‌અંશે ઉકેલાઈ જવા પામ્યો છે.
- રાયડાના ટેકાના ભાવ જાહેર કરી ૭મી જૂનથી ટેકાના ભાવે ખરીદી કરવાનો સરકારે નિર્ણય જાહેર કર્યો છે.
- ગાંધીનગર શહેરના સે. ૨૧માં આજે બીજે દિવસે પણ દબાણ દૂર કરવાની કામગીરી તંત્રની ટીમોએ ચાલુ રાખી હતી.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પ્રકોપ વધતાં જ પેયજળની માંગમાં પુનઃ વધારો થવા પામ્યો છે.
- માણસાના લક્ષ્મીપુરા નજીકના ખેતરમાંથી બોરના કેબલ ચોરાયા.
- દહેગામ પાસે રેવાબા વિદ્યામંદિર ખાતે શૈક્ષણિક શિબિરનું આયોજન કરાયુ.
- દહેગામના સલકી ગામમાં બળિયાદેવ મહારાજના મંદિરનો પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો.
- કલોલના નાંદોલી ગામે પોલીસે વરલી મટકાના આંખફરકનો જુગાર રમતા ૨ ઈસમોને પોલીસે પકડી પાડ્યા છે.
- ગાંધીનગર શહેરમાં આઈપીએલનો ફિવર ચરમસીમાએ પહોંચ્યો છે.
- ગાંધીનગરના મંત્રી નિવાસમાં રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલ્લ પાનસેરિયાએ જીવદયાનો સંદેશ આપતાં પાણીના વિશેષ કુંડા પક્ષીઓ માટે બંગલાના બગીચામાં લગાવ્યા છે.
- ગાંધીનગર શહેરમાં તેમજ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સ્ટ્રીટલાઈટોની સમસ્યાથી સૌ પરેશાન છે.
- ગાંધીનગર શહેરમાં ૧૨મીએ આવી રહેલા પ્રધાનમંત્રીના પ્રવાસને પગલે તંત્રએ તેની તૈયારીઓ વેગીલી બનાવી છે.
- ૭મીએ વિશ્વ હાસ્ય દિવસની ઉજવણીના કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યુ છે.
- ૮મીએ વિશ્વ મેલેરિયા ડે ની ઉજવણી કરવામાં આવશે.
- નંદાસણ પ્રા. શાળાના આચાર્ય વયમર્યાદાને લઈ સેવા નિવૃત્ત થતાં તેમને વિદાય આપવાનો એક સમારોહ યોજાઈ ગયો.
- ઉનાવા ખાતે મહાકાળી માતાના પાટોત્સવ નિમિત્તે હનુમાન ચરિત્ર કથાનું આયોજન કરવામાં આવ્યુ છે.
- સે. ૭ ખાતે આજે સૌરાષ્ટ્ર લેઉઆ પાટીદાર સમાજ દ્વારા સંત ભોજલરામની જન્મ જયંતિની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી હતી.
- સે. ૧૭માં નિઃશુલ્ક યોગ તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવ્યુ છે.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર સંસ્થા દ્વારા ગાયત્રી મહાયજ્ઞ યોજાયો

ગાંધીનગર, તા. ૫

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર સંસ્થા દ્વારા સ્વધાર ગૃહ 'માતૃછાયા'ની આશ્રિત બહેનો સાથે નિઃશુલ્ક ગાયત્રી મહાયજ્ઞ કરવામાં આવ્યો હતો.

સંસ્થાના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવેએ જણાવેલ કે છેલ્લા ત્રણ વર્ષથી ભારત સરકાર અને રાજ્ય સરકાર દ્વારા મળતુ અનુદાન મળેલ ન હોવાથી આવા કપરા સંજોગોમાં બહેનોના કૌશલ્યમાં વધારો થાય, જેઓના પ્રશ્નોનું નિરાકરણ થઈ સારી રીતે પુનઃ સ્થાપન થાય તેમજ સંસ્થાનું અનુદાન પણ તાકીદે છુટુ થાય તે માટે મહાયજ્ઞમાં પ્રાર્થના કરી હતી. ગાયત્રી પરિવાર તરફથી ભાવનાબેન અને ઈલાબેન પંડ્યા તેમજ સંસ્થાના કમિટી મેમ્બર, સ્ટાફ તથા સ્વધાર ગૃહની બહેનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કમિટીના તમામ બહેનો અને સ્ટાફ તથા આશ્રિત બહેનો હાજર રહ્યા હતા.

સેવાભાવી યુવાને સેવા કાર્ય થકી ઉજવ્યો જન્મદિન

ગાંધીનગર, તા.૦૫

દરેક વ્યક્તિ માટે તેનો જન્મદિન એક વિશેષ મહત્વ ધરાવતો દિવસ હોય છે અને તેમાં ખાસ કરીને બાળકો-તરૂણો-યુવાનોમાં તો પોતાના જન્મદિનની ઉજવણી ખુબ ધામધૂમથી કરવાની ખેવના રહેલી હોય છે. સોશિયલ મિડીયાના યુગમાં આજે યુવાનો પોતાનો જન્મદિન મિત્રો કે સગાસંબંધીઓ સાથે બર્થ ડે પાર્ટીનું આયોજન કરીને ઉજવતા હોય છે જે સામાન્ય બાબત છે, જોકે કેટલાંક કિસ્સામાં ઘાતકી રીતે જન્મદિન ઉજવવાના બનાવો પણ સામે આવતાં હોય છે પરંતુ તેની સામે અનેક એવા પણ યુવાનો છે જેઓ પોતાનો જન્મદિન રચનાત્મક કે સકારાત્મક પ્રવૃતિઓ થકી ઉજવે છે. ગાંધીનગરના સેવાભાવી યુવાનોની સંસ્થા હેપ્પી યુથ ક્લબના સૌથી યુવા સભ્ય અને શહેરના રેસ્કયુ ગૃપમાં પણ સેવા આપતાં અક્ષર અરવિંદભાઈ વૈષ્ણવે તાજેતરમાં તેમનો જન્મદિન શહેરની વિવિધ સેવા વસ્તીમાં વસતા જરૂરિયાતમંદ વર્ગના બાળકો-મહિલાઓને દૂધ-કેળાં અને બિસ્કિટ્સના વિતરણનું સેવા કાર્ય કરીને ઉજવ્યો હતો અને તેના જેવા યુવાનોમાં એક પ્રેરણાત્મક સંદેશ પાઠવ્યો હતો.

ગિયોડ સ્થિત અંબાજી મંદિરે ભક્તોનું ઘોડાપૂર

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના પૂર્વ વિસ્તારમાં આવેલું એકમાત્ર શ્રદ્ધાના પ્રતિકસમા ચિલોડા-હિંમતનગર રોડ પર ગિયોડ પાટિયા પાસેનું જગતજનની જગદંબાનું મીની શક્તિપીઠ અંબાજી માતાજીના મંદિરમાં આજે વૈશાખી સુદ-પૂર્ણિમાના પવિત્ર દિવસે મંદિરે અસંખ્ય માઈભક્તોએ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી દર્શનનો લ્હાવો લીધો હતો. વહેલી સવારથી મોડી સાંજ સુધી શ્રદ્ધાળુઓનું ઘોડાપુર ઉમટ્યુ હતુ. 'મા'ના દર્શન કરવા આતુર બનેલા માઈભક્તોએ બાધા માનતા પૂર્ણ કરવા મનોકામના વ્યક્ત કરી આશીર્વાદ મેળવ્યા હતા.

મંદિરના ટ્રસ્ટીગણમાં વિનુભાઈ મેનેજર, પૂજાભાઈ પટેલ, હસમુખભાઈ વકીલ વગેરે ટ્રસ્ટીગણ દ્વારા સુચારૂ વ્યવસ્થા કરી પ્રસાદની લ્હાણી કરી હતી. ભક્તોજનોએ શિસ્તબદ્ધ રીતે 'મા'ના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

દર પૂનમે નિયમિત માઈભક્તો દર્શન કરવા તલપાપડ બનતા હોય છે. આ પૂનમનો મહિમા વિશેષ હોવાથી દૂર દૂરથી માઈભક્તો દર્શનાર્થે આવી મનોકામના પૂર્ણ કરવા કટીબદ્ધતા વ્યક્ત કરતા હોય છે.

દિકરીઓને સફળ ગૃહિણી બનવા દસ દિવસની તાલીમ અપાશે

કડવા પાટીદાર સમાજ દ્વારા સર્વ વિદ્યાલય કેમ્પસ, ગાંધીનગર ખાતે ૧૫મી મે થી ગૃહિણી તાલીમ શિબિર યોજાશે

ગાંધીનગર, તા. ૫

સુખી અને સમૃદ્ધ ઘર અને સમાજનો આધાર સફળ ગૃહિણી હોય છે. ગૃહિણી જો કુશળ અને સુઘડ હશે તો તે ઘર હંમેશા કિલ્લોલ કરતુ રહેશે. કુશળ ગૃહિણીમાં કેવા કેવા ગુણો હોવા જોઈએ અને તેણે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવુ જોઈએ તેની તાલીમ માટે કડવા પાટીદાર સમાજ દ્વારા ગૃહિણી તાલીમ શિબિરનું આયોજન કરાય છે. જેમાં ૧૮ થી ૩૦ વર્ષની વયની અપરણિત યુવતીઓ ભાગ લઈ શકે છે. આગામી તા. ૧૫મી મે થી ૨૪ મી મે દરમ્યાન કડી સર્વ વિદ્યાલય કેમ્પસ ખાતે શ્રી કડવા પાટીદાર બેતાલીસ સમાજ એકતા વિકાસ મંચ તથા ધરતી પરિવાર, મહેસાણા દ્વારા ૭૩મી ગૃહિણી તાલીમ શિબિર યોજાશે.

'એમ કહેવાય છે કે ધરતીનો છેડો ઘર, ઘરનો વિસામો કુશળ, સુઘડ અને સમજદાર ગૃહિણી હોય છ.'

હાલના સમયમાં સામાજીક વ્યવસ્થામાં થતા બદલાવો, વિભક્ત થતા જતા પરિવારો, વડીલોની ઉપેક્ષા જેવી સમસ્યાઓના ઉકેલ માટે લગ્ન બાદ આદર્શ ગૃહિણી બનવું ખુબ જરૂરી છે. આ તાલિમ શિબીરમાં બહેનોને વ્યક્તિત્વ વિકાસ, નારી સુરક્ષા, રોજગાર, ગૃહ ઉદ્યોગ, હસ્તકલાઓ, સંવાદ કરવાની કળા, જાતિય રોગો, તંદુરસ્ત બાળ ઉછેર, મોબાઈલના અતિક્રમણ સામેના પડકારો, રસોઈ કૌશલ્ય, બ્યુટીપાર્લર, ભાગેડુ લગ્નની પરિવાર અને સમાજ ઉપર થતી આડ અસર, નારીની ગઈકાલ, આજ અને આવતીકાલ, ભૂસાતા જતા સંસ્કારો, કુરિવાજોની ઓળખ અને તેને દૂર કરવાના ઉપાયો જેવી બાબતો ઉપર તજજ્ઞો દ્વારા તાલિમ આપવામાં આવશે. મેડીકલ ચેકઅપ તથા ગાંધીનગર શહેરના જોવાલાયક સ્થળ જેવા કે વિધાનસભા, અક્ષરધામ, મહાત્મા મંદિર, દાંડી કુટિર તેમજ સ્પોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયાની મુલાકાત કરાવવામાં આવશે.

જ્યારે એક દીકરી એ પત્ની, ભાભી, નણંદ, માતા, સાસુ જેવા અનેક મહત્વની સામાજીક જવાબદારીઓ નિભાવવાની હોય ત્યારે તેને મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી તાલીમ મળે તેવુ ઈચ્છે છે.

ગૃહિણી તાલીમ શિબિર દ્વારા સમાજની બહેનોની સામાજીક સમરસતા, સહનશિલતા, ત્યાગની ભાવના, સમર્પણની ભાવના, ઉજાગર થશે. જીવન દરમ્યાન વિકટ પરિસ્થિતિનો સામનો કરી શકશે તેમજ બહેનોમાં પરિવારને સુખી-સંપન્ન રાખવાનું ભાથું તેમજ સારા સંસ્કારોનું સિંચન થશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના સંકલનમાં સદસ્ય દ્વારા ઘ-૪ ખાતે આવેલ અંડરબ્રિજમાં સીલીંગના ભાગે ગાબડા પડેલ હોવાની બાબત ધ્યાન આવતા સીટી ઈજનેર તથા અન્ય ટેકનિકલ અધિકારીઓ સાથે ઘ-૪ ખાતે આવેલા અંડર બ્રિજની ઓચિંતા સ્થળ તપાસ માટે પહોચ્યા હતા.જેમાં ગાંધીનગર મનપા ચેરમેન જશવંતભાઈ પટેલ સાથે કાઉન્સિલર અને પૂર્વ પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ (દાસ), પદમસિંહ ચૌહાણ હતા.

આશ્કા હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા પક્ષીઓ માટે પાણીના કુંડાનું વિતરણ

ગાંધીનગર, તા.૫

આશ્કા હોસ્પિટલના કર્મચારીઓ દ્વારા ગાંધીનગરના જાણીતા જાહેર સ્થળોએ 'પક્ષીઓ માટે પાણીના કુંડા'નું મફત વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેમાં ૫૦૦૦ હજાર જેટલા પાણી ના કુંડા નું વિતરણ ગાંધીનગર માં કરવામાં આવ્યું છે. આશ્કા હોસ્પિટલ ના કર્મચારીઓ નો આદર્શ સિદ્ધાંત છે કે " દરેક જીવ માટે કરુણા, અને જેવી રીતે અમે આશ્કા હોસ્પિટલમાં લોકોનો જીવ બચાવીએ છીએ પક્ષીઓની જિંદગીઓ બચાવવા માટે પણ અમે પ્રતિબદ્ધ છીએ. આ ધોખતા તાપમાં પંખીડાઓને અમૃત સમાન પાણી મળી રહે તે માટે સૌ નગરજનોએ આ પાણીના કુંડાનો યોગ્ય ઉપયોગ કરવા જણાવ્યું હતું. જેમ માણસોને ઉનાળામાં ડિહાઈડ્રેશન ની તકલીફ થાય છે તેમ ઉનાળામાં પક્ષીઓને પણ ડિહાઈડ્રેશન થાય છે તેથી તેમને ડિહાઈડ્રેશન થી બચાવવા કુંડાનું વિતરણ શરૂ કરવામાં આવ્યું છે.

તલાટીની પરીક્ષામાં ગેરરિતી ન થાય તે માટે તકેદારીના પગલા લેવાશે

પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સોહાર્દ પૂર્ણ વાતાવરણમાં ગેરરીતિ કર્યા વગર, તેમજ કોઈપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકશે

ગાંધીનગર,તા.૫

ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ ગાંધીનગર દ્વારા ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી) સંવર્ગની જગ્યા પર ભરતી માટે સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન ૦૭મેના રોજ ૧૨:૩૦ થી ૧૩:૩૦ કલાક દરમિયાન, ગાંધીનગર જિલ્લાનાં ૧૦૯ કેન્દ્રો પર કરવામાં આવેલ છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં પરીક્ષા દરમિયાન કેન્દ્રની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ નિર્ભયતાથી શાંત અને સોહાર્દ પૂર્ણ વાતાવરણમાં ગેરરીતિ કર્યા વગર, તેમજ કોઈપણ પ્રકારના પ્રલોભનથી દોરવાયા વગર પરીક્ષા આપી શકે તે માટે, ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં પરીક્ષા કેન્દ્રોની આજુબાજુના ૧૦૦ મીટરની ત્રિજ્યાવાળા વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ કેન્દ્રો, ઝેરોક્ષની દુકાનો માટે પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

ઉપરાંત પરીક્ષાર્થી ઉમેદવાર અને પરીક્ષા સંબંધિત કામગીરીમાં રોકાયેલા ફરજ પરના અધિકૃત માણસો સિવાય અન્ય કોઈપણ બીન અધિકૃત માણસોએ પ્રતિબંધિત વિસ્તારમાં દાખલ થવાની પણ મનાઈ ફરવામાં આવી છે. પરીક્ષાના દિવસે પરીક્ષાના સ્થળે ઈલેક્ટ્રીક આઈટમ જેવી કે મોબાઈલ ફોન, પેજર, ઈલેક્ટ્રીક ડાયરી, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયરફોન, કેમેરા, લેપટોપ વગેરે ઈલેક્ટ્રોનિક ઉપકરણો લઈ દાખલ થવા પર પણ પ્રતિબંધ જાહેર કરવામાં આવેલ છે. પરીક્ષાર્થીઓની શાંતિ અને લેખન કાર્યમાં અડચણ, વિશેષ ધ્યાન ભંગ થાય તેવું કોઈ પણ કૃત્ય કરવા પર, પરીક્ષાના દિવસે પરીક્ષા સ્થળે ચોરી કરવા કે કરાવવા હેતુથી પુસ્તક અન્ય સાહિત્ય,કાપલી,ઝેરોક્ષ નકલો લઈ જવા પર, પ્રતિબંધિત વિસ્તારમાં આવેલ ઝેરોક્ષ નકલ કરવાના કેન્દ્રો/ દુકાન પર, ઝેરોક્ષ મશીન પરીક્ષાના દિવસે દરમ્યાન સવારે ૯:૦૦ થી ૧૫:૦૦ સમય સુધી ચાલુ કરવા પર, પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા પર, પરીક્ષા સ્થળ ની આસપાસ પ્રતિબંધિત વિસ્તારમાં આવેલ પાનબીડી ગલ્લા તથા ચા પાણીના કેન્દ્રોએ પરીક્ષા સમય દરમિયાન ચાલુ કરવા પર પણ સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. પ્રતિબંધિત વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવા પર પ્રતિબંધિત વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર કરવા પર, પરીક્ષા સ્થળ ની આજુબાજુ મોટા મોટા લાઉડ સ્પીકર વગાડવા પર તથા પરીક્ષા સ્થળ ઉપર ગેરરિતી થાય તેવું કોઈ પણ સાધન લઈ જવા પર અને પરીક્ષાના દિવસે વીજ પુરવઠો ખોરવાય નહીં તે માટે પરીક્ષાના દિવસે સવારે ૯:૦૦ થી ૧૫:૦૦ દરમિયાન ખોદકામ કરવા પણ પ્રતિબંધ દાખલ કરવામાં આવ્યો છે. ઉપરાંત હુકમ ફરજ પરના પોલીસ દળ, હોમગાર્ડના કર્મચારી, અધિકારી તથા પરીક્ષાના અનુસંધાને ફરજ ઉપર બોલાવેલ કર્મચારી અધિકારીઓને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ જાહેરનામાનો ભંગ કરવા બદલ શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ આ હુકમ ગાંધીનગર જિલ્લાના મહેસુલ વિસ્તારમાં ફરજ બજાવતા વિભાગીય પોલીસ અધિકારીશ્રીનાં દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેક્ટર સુધિના હોદ્દા ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે ફરિયાદ દાખલ કરવા માટે અધિકૃત કરવામાં આવેલ છે. આ હુકમ ૭ મેના રોજ ૦૯:૦૦ થી ૧૫:૦૦ કલાક સુધી અમલમાં રહેશે તેવું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી ભરત જોષી દ્વારા જણાવવામાં આવેલ છે.

પીડીપીયુ પાસે અકસ્માતમાં ઘવાયેલા યુવાનનુ અંતે મોત

પાંચ દિવસ પહેલા વાલ્વ સાથે ધડાકાભેર કાર અથડાતા ગંભીર રીતે ઘવાયેલા યુવાનને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો

ગાંધીનગર તા ૫

પી ડી પી યુ નજીક પાણીની પાઈપલાઈનના એર વાલ્વ સાથે કાર અથડાતા પાંચ દિવસ અગાઉ યુવાનને ગંભીર ઈજા થઈ હતી જયારે અકસ્માતના લીધે ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ તો બીજીતરફ ગંભીર રીતે ઘવાયેલા યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જયાં સારવાર દરમિયાન યુવકનુ મોત નિપજયુ છે. ઈન્ફોસિટી પોલીસે ગુન્હો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ગાંધીનગરના ભાઈજીપુરા પી ડી પી યુ માર્ગ પર પાંચ દિવસ અગાઉ નર્મદાની પાણીની પાઈપ લાઈનના એર વાલ્વ સાથે માર્ગ પર જતા યુવાને ધડાકાભેર ગાડી અથડાવી હતી જયારે આ સ્થિતિ વચ્ચે એકબાજુ હજારો લીટર પાણી વહેતુ થયુ હતુ બીજીતરફ દિવ્યાંશુને જડબા તેમજ હાથ પગના ભાગે ગંભીર ઈજાઓ થવા પામી હતી. અમદાવાદમાં નવા નરોડા વિસ્તારમાં રહેતા દિવ્યાંશુ મેક ડોનાલ્ડમાં આશિષ્ટન્ટ સેલ્સ મેનેજર તરીકે ફરજ બજાવતો હતો. જયારે તા ૨૯ મી એપ્રિલના રોજ સ્વીફટ કાર લઈને મિત્ર સ્નેહા ભંભાણીને મળવા માટે પી ડી પી યુ કોલેજ પાસે આવ્યો હતો. જયારે ત્યારબાદ વહેલી સવારે અમદાવાદ પરત જવા નિકળેલા દિવ્યાંશુ ભાઈજીપુરા ચાર રસ્તા પાસે પહોંચતા માર્ગની સાઈડમાં સ્થિત નર્મદા લાઈનના વાલ્વ માટે બનાવવામાં આવેલી લોખંડ આર સી સી ના થાંભલા સાથે તેની કાર અથડાઈ હતી.જયારે અકસ્માતમાં સ્નેહાને પણ શરીરના ભાગે વધતા ઓછા પ્રમાણમાં ઈજા થવા પામી હતી. જયારે દિવ્યાંશુને ગંભીર ઈજા થઈ હતી. ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે એપોલો હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જયારે ગંભીર રીતે ઘવાયેલા આ યુવાનનુ સારવાર દરમિયાન મોત નિપજયુ છે. આ મામલે ઈન્ફોસિટી પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

એસ્ટેટ વિભાગ દ્વારા ખ-૧ સર્કલ, વાસણા હડમતીયા પાસેના દબાણો દૂર કરાયા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર મહાનગર પાલિકાના એસ્ટેટ વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોની અંદર ગેરકાયદે દબાણો દૂર કરવાનું અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. જે અંતર્ગત એસ્ટેટ શાખાની ટીમ દ્વારા શહેરના ખ-૧ સર્કલ, વાસણા-હડમતીયા આસપાસ દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. આ વિસ્તારમાં ખેતમજૂરો દ્વારા કરવામાં આવેલ ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યું હતું. તેમજ પશુચિકિત્સા શાખા દ્વારા ઢોર/પશુઓને દૂર કરવા માટે ડ્રાઈવ ચલાવવામાં આવી હતી. સદર કામગીરી ગાંધીનગર મહાનગર પાલિકાના મ્યુ. કમિશનર ની સીધી દેખરેખ હેઠળ આ વિસ્તારમાં ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવ્યા હતા.